## || ૐ શ્રી સાઈરામ ||

## || ૐ શ્રી સાઈ ગીતાબોધકાય નમ: || (૭૭)

## ભગવદ્ગીતાનો બોધ આપનારા શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

વરાહ પુરાણમાં ગીતા મહાત્મ્યનું વર્ણન કરતા કહ્યું છે-

ગીતા મે પરમ વિદ્યા બ્રહ્મરૂપ ન સંશય: |
અર્ધમાત્રાક્ષરા નિત્યા સ્વાનિર્વાચ્યપદાત્મિકા ||

અર્થાત્ : ગીતા એ મારી (પરમેશ્વરની) પરમશ્રેષ્ઠ બ્રહ્મરૂપિણી વિધા છે. આ અવિનાશી અર્ધમાત્રારૂપિણી નિત્ય તેમજ અનિર્વાચ્યપદાત્મિકા છે.

તેમાં જ આગળ કહ્યું છે-

ચિદાનંદેન કૃષ્ણેન પ્રોકતા સ્વમુખતોર્જુન |
વેદત્રયી પરમાનંદા તત્વાર્થજ્ઞાનસંયુતાઃ ||

અર્થાત્ :ચિદાનન્દસ્વરૂપ શ્રીકૃષ્ણએ સ્વમુખે અર્જુનને ગીતા કહી છે. તે ત્રણે વેદોના તત્વજ્ઞાનથી યુક્ત એવા પરમાનંદસ્વરૂપ છે.

કુરુક્ષેત્ર પર ધૈર્ય ખોઈ બેસેલા અર્જુનને ઉપદેશ કરતા પ્રત્યક્ષ ભગવાન શ્રીકૃષ્ણે ગીતા કહી છે. આપણું સદભાગ્ય એ છે કે, સાઈ કૃષ્ણ જે ' સનાતન સારથી '. સનાતન એટલે શાશ્વત અને સારથી એટલે વાહન ચલાવનારો. જેવી રીતે ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનના રથના સારથિ બન્યા તેવી જ રીતે આજે સાઈ કૃષ્ણ બધાના અંતઃકરણમાં સત્ય, ધર્મ, શાંતિ , પ્રેમ, અહિંસાની સ્થાપના કરવા માટે આવ્યા અને તેમણે પોતાને આપણા સારથી બનાવ્યા છે.

સ્વામી કહે છે- " પ્રત્યેક વ્યક્તિનું હૃદય ધર્મક્ષેત્ર છે. તેમજ કુરુક્ષેત્ર પણ છે. એવું ક્ષેત્ર જ્યાં મનુષ્ય પોતાના કર્મોના ગુણો દ્વારા પોતાનો ઉદ્ધાર કરી શકે છે. તેનું જો તે ધર્મક્ષેત્ર કર્યું તો તે તરી જાય છે, આ ધર્મક્ષેત્ર કર્યું તો તેનો નાશ થાય છે.

ગીતાના પહેલા શ્લોકમાં ધુતરાષ્ટ્ર સંજયને પૂછે છે :

ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે સામવેતા યુયુત્સવઃ |
મામકાઃ પાંડવશ્ચૈવ કિમકુર્વત સંજય ||

ગીતાના પહેલા શ્લોકમાં આ જ શીખવ્યું છે. જે કુરુક્ષેત્ર છે, તે ધર્મક્ષેત્રમાં મારા (મામકા: ) તેમજ પવિત્ર  લોકો (પાંડવા-પાંડુ એટલે ગોરા, શુદ્ધવાણી) શું કરે છે. મારા લોકો એટલે અહંકાર, સ્વાર્થ, તમસ તેમજ રજસ ગુણોથી યુક્ત (કૌરવ). શુદ્ધવર્ણી એટલે સત્ય ગુણો માં  પ્રવૃત્ત રહેનારા લોકો આ લડાઈમાં સમસ્ત પ્રાણીમાત્ર વ્યસ્ત છે. ઈશ્વરની કૃપાથી જે સત્વગુણમાં સ્થિર થયા છે તેને યશ પ્રાપ્ત થાય છે. આ ઈશ્વરકૃપા તેને સતત મળતી રહે છે. આ જ બોધ ગીતા આપે છે.

થોડા વર્ષો પહેલાંની વાત છે. શ્રી. પાંડુરંગ દીક્ષિતએ સ્વામીના પરમભક્ત. તેમની પુત્રી જ્યોત્સનાને એકવાર સ્વામીએ પૂછ્યું-“ગીતાનો સાર શું છે?” તે વખતે જ્યોત્સના સંસ્કૃત વિષય લઈને બી.એ. કરતી હતી. અભ્યાસક્રમમાં શીખવ્યા પ્રમાણે તેણે વ્યવસ્થિત જવાબ આપવાની શરૂઆત કરી. આ સાંભળીને સ્વામી બોલ્યા-“આ બધું સાચું છે પણ ગીતાનો સાર અલગ છે અને તે એટલે ધર્મ. ધર્મ એટલે ‘ રિલીજન ’ નહીં. ધર્મ એટલે માણસનું વિહિત કર્તવ્ય.” આવો આ ગીતાબોધ આપણને બધાને ભગવાન બાબા પાસેથી પ્રાપ્ત થાઓ. એ જ તેમના ચરણે પ્રાર્થના.

|| ૐ શ્રી સત્યસાઈનાથાર્પણમસ્તુ ||